ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ
(An ISO 9001:2015 Company) CIN U40109GJ2004SGC045195
રજી. અને કોર્પોરેટ ઓફિસ: સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસ કોર્સ, વડોદરા-૩૯૦૦૦૭
Email: cetech.guvnl@gebmail.com | web site: www.guvnl.com | Tele (Di) : (0265) 2340205 PBX : (0265) 2310582 to 86

No.GUVNL/Tech/Solar Cell/Surya Gujarat/1949 Date: 21/07/2022

## પરિપત્રમાં સુધારો:

વિષય: 'સૂર્ય -ગુજરાત' SURYA-Gujarat (Surya Urja Rooftop Yojna) યોજનાના અમલીકરણ માટે પરિપત્રમાં સુધારો

સંદર્ભ: ૧. GUVNL/Tech/Solar cell/SURYA Gujarat/1762 dated 09.09.2019
૨. GUVNL/Tech/Solar cell/SURYA-Gujarat/2020-21/2378 dated 07.12.2020

સ્ટેટ નોડલ એજન્સી GUVNL દ્વારા "સૂર્ય -ગુજરાત" યોજનાના સમગ્ર રાજયમાં એકસરખા અને સફળ અમલીકરણ માટે રાજય સરકાર હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીઓ અને ખાનગી પરવાનેદાર વીજ વિતરણ કંપનીઓ માટે ઉપરોકત સંદર્ભિત પરિપત્રોમાં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવાની સૂચના આપેલ હતી.

આ યોજનાના અમલીકરણ માટે MGVCL દ્વારા MGVCL/DSM/EOV/SRT/2021-22/2137 dated 09.02.2022 થી Empanelment of Vendors (EOV) થકી સોલર રૂફટોપ સ્થાપિત કરવા માટે શહેરી વિસ્તાર (RGPU ટેરિફ) અને MGVCL/DSM/EOV/SRT/2021-22/1227 dated 09.02.2022 થી ગ્રામ્ય વિસ્તાર (RGPR ટેરિફ) વિસ્તાર માટે અલગ-અલગ નવા દરો શોધિત કરવામાં આવેલ છે અને સફળ એજન્સીઓને નવેસરથી માન્યતા આપી, શહેરી વિસ્તાર (RGPU ટેરિફ) અને ગ્રામ્ય વિસ્તાર (RGPR ટેરિફ) માટે માન્ય એજન્સીઓની અલગ-અલગ નવી યાદી MGVCL દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

આથી ઉપરોકત સંદર્ભિત તારીખ ૦૯/૦૯/૨૦૧૯ અને ૦૭/૧૨/૨૦૨૦ પરિપત્રમાં આ યોજનાના અમલીકરણ માટે નીચે મુજબની શરતોમાં સુધારો કરવામાં આવે છે.

સુધારેલ શરતો :

૧. શરત નં ૨:- કાર્યાત્મક સમયગાળો :- આ નીતિનો કાર્યાત્મક સમયગાળો (Policy Operative Period) રાજ્ય સરકારની મંજુરી મુજબ રહેશે.

૨. <u>શરત નં. ૩:-</u> સબસીડી/ CFA (Capital Finance Assistance) :- કાર્યાત્મક સમયગાળા દરમિયાન રહેણાંક ક્ષેત્રમાં કાર્યાન્વિત થયેલ કોઈપણ સોલાર રૂફટોપ સબસિડીને પાત્ર રહેશે.

GUVNL દ્વારા MGVCL થકી બહાર પાડેલ Empanelment of Vendors (EOV) ની પ્રક્રિયા બાદ નિયત કરેલ મહતમ દર (તમામ કર સાથે) (Rs./KWp) 'પરિશિષ્ટ-ખ' માં દર્શાવેલ છે. તે મુજબ શોધિત દર (તમામ કર સાથે) પર નક્કી કરેલ સોલાર સીસ્ટમની કુલ કિંમત (તમામ કર સાથે) પર શોધિત દર (તમામ કર સાથે) અથવા MNRE દ્વારા નિયત કરેલ બેન્ચ માર્ક કોસ્ટ (તમામ કર સાથે) બંનેમાંથી જે ઓછી હશે તે મુજબ, નીચે મુજબની રાજ્ય સરકારની સબસિડી કે કેન્દ્ર સરકાર તરફથી CFA (બંનેમાંથી એક) મળવા પાત્ર રહેશે.

અ) પ્રાઈવેટ રહેણાંક વીજ ગ્રાહક દ્વારા સ્થાપિત અને કાર્યાન્વિત થયેલ સોલાર રૂફટોપ સિસ્ટમ પર નીચે મુજબ સબસિડી મળવા પાત્ર રહેશે:

| ક્રમ | સોલારરૂફટોપ સિસ્ટમ સ્થાપનની કુલ ક્ષમતા | <u>'પરિશિષ્ટ-ખ'</u> માં દર્શાવ્યા મુજબના લાગુ પડતાં દર પર રાજ્ય સરકારની સબસિડી કે કેન્દ્ર સરકાર તરફથી CFA |
|---|---|---|
| ૧. | ૩ (ત્રણ) કી.વો. સુધી | ૪૦% |
| ૨. | ૩(ત્રણ) કી.વો. થી વધુ અને ૧૦ (દસ) કી.વો. સુધી | પ્રથમ ૩કિલોવોટ સુધી ૪૦% અને ૩ કી.વો. પછીની બાકીની ક્ષમતા માટે ૨૦% |
| ૩. | ૧૦(દસ) કી.વો. થી વધુ | પ્રથમ ૩ કિલોવોટ સુધી ૪૦% અને ૩ કી.વો. પછીના ૭ કિલોવોટ ક્ષમતા માટે ૨૦%.<br>૧૦ કિલોવોટ પછીની ક્ષમતા પર સબસિડી મળશે નહીં. |

સોલાર પેનલની DC ક્ષમતા અને ઇન્વરટરની AC ક્ષમતા પૈકી જે ઓછી હશે તે ક્ષમતાને ગણતરીમાં લઈ તે મુજબ સબસિડી ચૂકવવામાં આવશે. સબસિડીની ગણતરી દર્શાવતા નમૂનાનું પત્રક <u>'પરિશિષ્ટ-ગ શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં'</u> દર્શાવેલ છે.

બ) ગ્રૂપ હાઉસિંગ સોસાયટી (GHS)/રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન(RWA)ની સોસાયટીની લાઇટ, સોસાયટીનુ વોટરવર્કસ, લિફ્ટ, જીમ, સ્વીમિંગપુલ, બગીચો વગેરે જેવી મઝિયારી (Common) સુવિધાઓના વીજજોડાણો માટે સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવા નીચે મુજબ સબસિડી (CFA) મળવા પાત્ર થશે. GHS /RWA માટે સોલાર રૂફટોપ પ્લાન્ટની ક્ષમતા ઘર દીઠ ૧૦ કિલોવોટની મર્યાદામાં વધુમાં વધુ કુલ ૫૦૦ કિલોવોટ સુધી રહેશે.

આ ૫૦૦ કી.વો.ની મહત્તમ મર્યાદા મઝિયારી (Common) સુવિધાઓના વીજજોડાણો માટે સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરતી વખતે જે તે GHS/ RWAમાં અલગ-અલગ રહેવાસી દ્વારા સ્થાપિત કરવામાં આવેલ અલગ-અલગ સોલાર સિસ્ટમની ક્ષમતાઓ સાથે સમાવિષ્ટ કરી ગણવાની રહેશે.

| ક્રમ | સોલારરૂફટોપ સિસ્ટમ સ્થાપનની કુલ ક્ષમતા | 'પરિશિષ્ટ-ખ' માં દર્શાવ્યા મુજબના લાગુ પડતાં દર પર રાજ્ય સરકારની સબસિડી કે કેન્દ્ર સરકાર તરફથી CFA |
|---|---|---|
| | GHS/RWAની મઝિયારી (Common) સુવિધાઓના વીજજોડાણો માટે ઉપર દર્શાવ્યા મુજબ ઘર દીઠ ૧૦ કિલોવોટની મર્યાદામાં વધુમાં વધુ કુલ ૫૦૦ કિલોવોટ સુધી સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવાની ચોખ્ખીક્ષમતા. | |
| ૧. | આ ૫૦૦કી.વો.ની મહત્તમ મર્યાદા મઝિયારી (Common) સુવિધાઓના વીજજોડાણો માટે સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરતી વખતે જે તે GHS/RWA માં અલગ-અલગ રહેવાસી દ્વારા સ્થાપિત કરવામાં આવેલ અલગ-અલગ સોલારસિસ્ટમની ક્ષમતાઓ સાથે સમાવિષ્ટ કરી ગણવાની રહેશે. | ૨૦% |

સોલાર પેનલની DC ક્ષમતા અને ઇન્વરટરની AC ક્ષમતા પૈકી જે ઓછી હશે તે ક્ષમતાને ગણતરીમાં લઈ તે મુજબ સબસિડી ચૂકવવામાં આવશે. સબસિડીની ગણતરી દર્શાવતા નમૂનાનું પત્રક 'પરિશિષ્ટ-ઘ' શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં' દર્શાવેલ છે.

ક) નીચે મુજબના રહેણાંક હેતુના વીજ ગ્રાહકો કે જેમણે અગાઉની યોજના દરમ્યાન સોલાર રૂફટોપ સીસ્ટમ સ્થાપિત અને કાર્યાન્વિત કરેલ હોય અને તેની રહેણાકની હયાત સોલાર સિસ્ટમની ક્ષમતામાં વધારો કરવા ઈચ્છે તો તેઓ પણ નીચેની શરતોને આધીન સબસિડી મેળવવા પાત્ર ગણાશે,પરંતુ એ શરતે કે, જેમણે,

i. અગાઉ કાર્યાન્વિત કરેલ સોલારસીસ્ટમની ક્ષમતા ૧૦ કી.વો. કરતા ઓછી હોયતો,

ii. અગાઉ કાર્યાન્વિત કરેલ સોલાર સીસ્ટમની ક્ષમતામાં વધારો કર્યા સાથેની સોલાર સીસ્ટમની કુલ ક્ષમતા ૩ કીવો સુધી હોય તો માત્ર વધતી સોલાર ક્ષમતા પર ૪૦ % સબસીડી મળવાપાત્ર રહેશે અને જો વધારો કર્યા સાથેની સોલાર સીસ્ટમની કુલ ક્ષમતા ૩ કીવોથી વધુ અને ૧૦ કીવો કે તેથી ઓછી હોય તો માત્ર વધારેલ સોલાર ક્ષમતા પર ૨૦% સબસીડી મળવાપાત્ર રહેશે. ૧૦ કીવોથી વધુ કુલ સોલાર સીસ્ટમની ક્ષમતા પર સબસીડી મળવાપાત્ર રહેશે નહિ.

સોલાર પેનલની DC ક્ષમતા અને ઇન્વરટરની AC ક્ષમતા પૈકી જે ઓછી હશે તે ક્ષમતાને ગણતરીમાં લઈ તે મુજબ સબસિડી ચૂકવવામાં આવશે. સબસિડીની ગણતરી દર્શાવતા નમૂનાનું પત્રક 'પરિશિષ્ટ-ચ શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં' દર્શાવેલ છે.

૩. શરત નં. ૭:- નેટ-મીટરિંગ અને અધિશેષ વીજળી (Surplus Power):- સોલાર રૂફટોપ સિસ્ટમથી ઉત્પન્ન થયેલ વીજળીને બિલિંગ સાયકલ ગાળા દરમિયાન નેટ મીટરિંગ કરવામાં આવશે. ગ્રાહક દ્વારા વીજળીના સ્વ-વપરાશ બાદ વીજ ફીડર (ગ્રીડ)માં અધિશેષ વીજળીના (Surplus Power's) ચોખ્ખા મોકલેલ (net-injection) યુનિટને જે તે લાગુ પડતી વીજ વિતરણ કંપની દ્વારા પ્રોજેક્ટ શરૂ થયાના પ્રથમ ૫ (પાંચ) વર્ષ માટે રૂ. ૨.૨૫ પ્રતિ યુનિટના દરે ખરીદશે અને ત્યારબાદ પ્રોજેક્ટની બાકીની મુદત માટે GUVNL દ્વારા નોન-પાર્ક આધારિત સોલાર પ્રોજેક્ટ્સ માટે સ્પર્ધાત્મક ટેન્ડર પ્રક્રિયા હેઠળ શોધાયેલ અને કરાર કરાયેલ ટેરિફની સાદી સરેરાશના ૭૫% યુનિટના દર મુજબ પ્રોજેક્ટની કોમર્શિયલ ઓપરેશન ડેટ (COD) થી અગાઉના છ મહિનાના સમયગાળામાં, એટલે કે એપ્રિલથી સપ્ટેમ્બર અથવા ઓક્ટોબરથી માર્ચ મુજબ ખરીદશે.(GERCના પ્રવર્તમાન નિયમાનુસાર)

જે માટે નીચે મુજબ વાણિજ્યક હિસાબ કરવાનો રહેશે:

i) જે તે બિલિંગ સાઇકલમાં વપરાશ સામે સેટ ઓફ થયા બાદ બાકીના વીજફીડરમાં ચોખ્ખાં મોકલેલ (net-injected) સોલાર યુનિટનું રૂપિયામાં રૂપાંતર કરી તે રકમ બિલમાં જમા કરવાની રહેશે અને પ્રત્યેક નાણાંકીય વર્ષાન્તે આવી જમા થયેલ રકમનું ચૂકવણું (Payment) દર નાણાંકીય વર્ષના અંતે કરવામાં આવશે.

ii) જો કોઈ બિલીંગ સાયકલમાં વીજ ગ્રાહકે નેટ ઇમ્પોર્ટ (નેટ-વપરાશ) કર્યો હોય એટલે કે ઉત્પાદિત સૌર ઉર્જા કરતાં વધુ વીજળી વાપરેલ હોય તો તે પેટે તેણે પ્રતિ યુનિટ નામદાર આયોગના મંજૂર થયેલ ટેરિફ શિડ્યુલ મુજબ જે-તે લાગુ પડતી મીટર્ડ કેટેગરી મુજબના ચાલુ ટેરિફ પ્રમાણે જે તે બિલીંગ સાયકલમાં વસૂલાત કરવામાં આવશે.

ii) જો કોઈ બિલિંગ સાયકલને અંતે ગ્રાહકને રકમ જમા મળેલ હોય અને તે પછીની બિલિંગ સાયકલમાં ગ્રાહકે ઉત્પાદિત સૌર ઉર્જા કરતાં વધુ વીજળી વપરાશનાં કારણે રકમ ભરવા પાત્ર થતી હોય તો, તે ગ્રાહક ની જમા રકમ સરભર કરી, તે મુજબ તફાવતની રકમ ભરપાઈ કરવાની રહેશે અને જો જમા રકમ વધે તો આગળના બિલિંગ સાયક્લમાં ખેંચવામાં આવશે.

૪. શરત નં. ૧૬:- સદર યોજનાના અમલીકરણ માટે વીજ વિતરણ કંપનીઓએ MNRE ના CFA અને સ્ટેટ સબસીડી મેળવવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(a) ભારત સરકારના નવી અને નવીકરણીય ઉર્જા મંત્રાલય (MNRE) દ્વારા ગુજરાતની દરેક વિજ વિતરણ કંપનીને MNRE સેંક્સન મુજબ ફાળવેલ સોલર ક્ષમતા (MW) માટે વિજ વિતરણ કંપનીએ MNREને પાસેથી CFA મેળવવા જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(b) MNRE દ્વારા ફાળવેલ સોલાર ક્ષમતા ઉપરાંતની ક્ષમતા કાર્યાન્વિત થયે, તે માટે રાજ્ય સરકારના કલાઇમેટ ચેન્જ વિભાગના નાણાકિય બજેટમાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી સબસિડીનો ખર્ચ કરવાનો રહેશે જે માટે જરૂરી ફંડ EPD તરફથી GUVNLને મળ્યે, વિજ વિતરણ કંપનીઓને નિયમાનુસાર ફાળવવામાં આવશે.

૫. શરત નં. ૧૮:- આ યોજનામાં જોડાવા માગતા વીજ ગ્રાહકોએ GUVNL દ્વારા MGVCL થકી EOV પ્રક્રિયાથી નક્કી કરેલ માન્ય એજન્સી (Empanelled Agency)ની યાદી માથી કોઈ એક સોલાર એજન્સીની પસંદગી કરવાની રહેશે. આ યાદી દરેક વીજ વિતરણ કંપનીએ તેની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની રહેશે અને તેના તાબા હેઠળની દરેક વીજ કચેરીએ ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૬. શરત ન. ૨૦:- અરજી નોંધણી બાદ, સંલગ્ન પેટા વિભાગીય કચેરી દ્વારા ડોકયુમેટ ખરાઈ કરી અને Technical Feasibility ચકાસ્યા બાદ ગ્રાહકને 'પરિશિષ્ટ-છ શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં' નીચે દર્શાવ્યા માટેના ચાર્જિસ ભરપાઈ કરવા નિયત ભાવપત્રક (Firm Quotation)/(F.Q.) આપવામાં આવશે, જે રકમ ગ્રાહકે પોતે 30 દિવસમાં સંલગ્ન પેટા વિભાગીય કચેરીમાં ભરપાઈ કરવાની રહેશે.

I. નેટ / જનરેશન મીટર ચાર્જ, મીટર બોક્સ ચાર્જ, મીટર ટેસ્ટિંગ ફી અને કનેક્ટિવિટી ચાર્જની રકમ ભરપાઈ કરવાની રહેશે.

II. જે કિસ્સામાં હયાત વિજ માળખામાં સુધારો-વધારો કરવાનો થાય તે કિસ્સામાં વધારાના ચાર્જીસ નિયમાનુસાર ગ્રાહકે ભરવાના રહેશે.

ઉપરોકત ભાવપત્રક (F.Q) ગ્રાહકે ભાવપત્રક (F.Q.) આપ્યાની તારીખથી 30 દિવસમાં ભરપાઇ કરવાનું રહેશે. આ સમય મર્યાદામાં ગ્રાહક દ્વારા ભાવપત્રક ભરપાઈ ન કર્યે, તે ગ્રાહકની અરજી રદ કરવામાં આવશે.

૭. શરત નં. 30:- ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ડિસ્કોમ પ્રમાણે ટાર્ગેટ નીચે મુજબ રહેશે.:

| અનુ.ક્રમ | કંપની | આવરી લેવાના રહેણાંક જોડાણોની સંખ્યા | એકંદર સૌર ક્ષમતા મેગા વોટમાં |
|---|---|---|---|
| ૧ | ડીજીવીસીએલ | ૪૫૭૦૦ | ૨૦૦ |
| ૨ | એમજીવીસીએલ | ૫૩૬૦૦ | ૨૩૦ |
| ૩ | પીજીવીસીએલ | ૫૮૭૦૦ | ૨૫૦ |
| ૪ | યુજીવીસીએલ | ૩૧૦૦૦ | ૧૩૫ |
| ૫ | ટોરેન્ટ (અમદાવાદ+ સુરત) | ૪૩૦૦૦ | ૧૮૫ |
| ૬ | બાકીના પરવાનેદાર | જરૂરિયાત મુજબ | |
| | કુલ | ૨૩૨૦૦૦ | ૧૦૦૦ |

૮. શરત નં. ૩૪:- સોલાર સિસ્ટમ સ્થાપિત અને કાર્યન્વિત કરવાનો સમયગાળો:- EOVની શરતો મુજબ Empanelled Agency એ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાનું કામ, ગ્રાહક દ્વારા ભાવપત્રક (Firm quotation) FQ ભરપાઈ થયેના તારીખથી ૮૫ (પંચાસી) દિવસમાં પૂરું કરવાનું કરવાનું રહેશે. આ માટે એજન્સીએ EOV માં દર્શાવ્યા મુજબ પોર્ટલ પર સિસ્ટમ સ્થાપન કર્યાની જાણ માટે "intimation request" આપવાની રહશે. જે તે પેટાવિભાગીય કચેરીના નાયબ ઇજનેર દ્વારા સ્થાપિત થયેલ સિસ્ટમની સ્થળ પર ઇન્સ્પેક્શન કરી જો કામ EOVની શરતો મુજબ હોઇ તો "intimation approval" કરવાની રહેશે.

જો એજન્સી નિર્ધારિત સમય મર્યાદા એટલે કે ૮૫ દિવસની અંદર ૧૦ અથવા વધુ નોંધાયેલ એપ્લિકેશન ઇન્સ્ટોલ કરવામાં નિષ્ફળ જાય, તો અરજીની નવી નોંધણી તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવશે. જો કે, વિલંબ માટે યોગ્ય કારણ સબમિટ કરવા પર, આગળ નોંધણીની મંજૂરી આપવામાં આવશે. (ટેન્ડર શરત - સુધારણા-૮ અનુક્રમ નંબર ૨૬ મુજબ)

૯. શરત નં. ૩૫:- આ સાથે જનરલ કેટેગરી અને ઓપન કેટેગરી ની માન્ય યાદીમાં સમાવિસ્ટ એજન્સીઓ (Empanelled Agencies) નું લિસ્ટ જે તે વીજ વિતરણ કંપનીની વેબસાઇટ પર

ઉપલબ્ધ છે. નવેસરથી માન્યતા પ્રાપ્ત એજંસીઓની યાદી તથા શોધિત દર, ગ્રાહકને મળવાપાત્ર સબસિડી અને ગ્રાહકે તેમણે પસંદ કરેલ એજન્સીને ભરવા પાત્ર રકમની માહિતી સૂર્ય-ગુજરાત પોર્ટલ https://suryagujarat.guvnl.in; https://suryagujarat.guvnl.com; તેમજ વિજ વિતરણ કંપનીઓની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

૧૦. 'પરિશિષ્ટ-ક' વ્યાખ્યા નં. ૭:- આ વ્યાખ્યા ને રદ ગણવી.

૧૧. શરત નં ૩૭:- ઉપરોકત સુધારેલ શરતો સિવાયની તારીખ ૦૯/૦૯/૨૦૧૯ અને ૦૭/૧૨/૨૦૨૦ ના પરિપત્રમાં દર્શાવેલ શરતો યથાવત રહેશે. આ પરિપત્ર અને આ વિષયમાં તથા GERCના પ્રવર્તમાન નિયમોમાં વખતો વખત થતાં સુધારા તમામ સંબંધકર્તાઓને બંધનકર્તા રહેશે.

આ પરિપત્રની જાણ આપની કક્ષાએથી તમામ ક્ષેત્રીય કચેરીઓને અમલીકરણ અર્થે કરવા અને આ પરિપત્રની સ્કેન PDF ફાઇલ આપની વેબસાઇટ અને Intranet માં અપલોડ કરવા આઇ.ટી. વિભાગને સૂચના આપવા સારું.

૨૧/૭/૨૨

(એસ.એસ.મોદી)
વિશેષ મુખ્યઇજનેર(ટેક)

બિડાણ:

૧. 'પરિશિષ્ટ-ખ' (સોલાર સીસ્ટમના દરો),
૨. 'પરિશિષ્ટ-ગ શહેરી/ ગ્રામ્ય વિસ્તાર (પ્રાઈવેટ રહેણાંક વીજ ગ્રાહક સબસીડીની ગણતરી દર્શાવતુ પત્રક),
૩. 'પરિશિષ્ટ-ઘ શહેરી/ ગ્રામ્ય વિસ્તાર (ગ્રૂપ હાઉસિંગ સોસાયટી (GHS)/ રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન (RWA) સબસીડીની ગણતરી દર્શાવતુ પત્રક),
૪. 'પરિશિષ્ટ-ચ શહેરી/ ગ્રામ્ય વિસ્તાર (રહેણાક વીજગ્રાહકની હયાત સોલાર સિસ્ટમની ક્ષમતામાં વધારો માટે સબસીડીની ગણતરી દર્શાવતુ પત્રક).
૫. 'પરિશિષ્ટ-છ' (ભાવપત્રક (Firm Quotation)

પ્રતિ

મેનેજીંગ ડીરેકટરશ્રી,

ડીજીવીસીએલ, એમજીવીસીએલ, પીજીવીસીએલ, યુજીવીસીએલ, ટોરેન્ટ પાવર લિમિટેડ,

રજી. અને કોર્પોરેટ ઓફીસ,

સુરત, વડોદરા, રાજકોટ, મહેસાણા, અમદાવાદ.

નકલ સાદર રવાના -

1. માન. ઉર્જામંત્રીશ્રીના અંગતસચિવશ્રી, માન. ઉર્જામંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી રાજ્યકક્ષા(ઉર્જા)ના અંગતસચિવશ્રી, માન. મંત્રીશ્રી રાજ્યકક્ષા(ઉર્જા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. માન. અગ્ર સચિવશ્રી(EPD)ના અંગતસચિવશ્રી ઉર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. મેનેજીંગ ડીરેકટરશ્રી, જીયુવીએનએલ, વડોદરા.
5. ડાઈરેકટરશ્રી, (ટેક/ એ એન્ડ એફ), જીયુવીએનએલ, વડોદરા.
6. નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા, બ્લોક નં. ૧૧-૧૨ , ચોથો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

નકલ રવાના -

1. મુખ્ય ઇજનેરશ્રી(લોડ ડિસ્પેચ), SLDC, ગોત્રી, વડોદરા.
2. જનરલ મેનેજર (એફ&એ /કોમર્સ/આઇપીપી/આઇ.ટી), જીયુવીએનએલ. વડોદરા.
3. નાયબ સચિવશ્રી(RE), ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગાંધીનગર.
4. લાયઝન ઓફિસરશ્રી, માન. ઉર્જામંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, પહેલો માળ, સચિવાલય ગાંધીનગર.
5. લાયઝન ઓફિસરશ્રી, માન. ઉર્જામંત્રીશ્રી(રાજ્યકક્ષા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય ગાંધીનગર.
6. સરકારી સંદર્ભ વિભાગ, જી.યુ.વી.એન.એલ. વડોદરા.

## પરિશિષ્ટ-ખ (સોલાર સીસ્ટમના શોધિત દર અને MNRE દ્વારા નિયત કરેલ બેંચ માર્ક કોસ્ટ )

| ક્રમ | સોલર સિસ્ટમ ની ક્ષમતા કિલોવોટમાં (કી.વો –ડીસી) | એજન્સીઓ માટે શહેરી વિસ્તારના (RGPU) શોધિત દર | | | એજન્સીઓ માટે ગ્રામ્ય વિસ્તારના (RGPR) શોધિત દર | | | MNRE દ્વારા નિયત કરેલ બેંચ માર્ક કોસ્ટ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | (રૂ. પ્રતિ કિલોવોટ) | GST રૂ. @13.8% (પ્રવર્તમાન) | કુલ | (રૂ. પ્રતિ કિલોવોટ) | GST રૂ. @13.8% (પ્રવર્તમાન) | કુલ | (રૂ. પ્રતિ કિલોવોટ) | GST રૂ. @13.8% (પ્રવર્તમાન) | કુલ |
| ૧ | ૧ કી.વો | ૪૦૦૦૦.00 | ૫૫૨૦.00 | ૪૫૫૨૦.00 | ૪૦૦૦૦.00 | ૫૫૨૦.00 | ૪૫૫૨૦.00 | ૪૬૯૨૩.00 | ૬૪૭૫.૩૭ | ૫૩૩૯૮.૩૭ |
| ૨ | ૨ કી.વો = ૧.૦૧ થી ૨.૦૦ | ૪૫૦૦૦.00 | ૬૨૧૦.00 | ૫૧૨૧૦.00 | ૪૫૦૦૦.00 | ૬૨૧૦.00 | ૫૧૨૧૦.00 | ૪૩૧૪૦.00 | ૫૯૫૩.૩૨ | ૪૯૦૯૩.૩૨ |
| ૩ | ૩ કી.વો = ૨.૦૧ થી ૩.૦૦ | ૪૨૦૦૦.00 | ૫૭૯૬.00 | ૪૭૭૯૬.00 | ૪૩૦૦૦.00 | ૫૯૩૪.00 | ૪૮૯૩૪.00 | ૪૨૦૨૦.00 | ૫૭૯૮.૭૬ | ૪૭૮૧૮.૭૬ |
| ૪ | ૪ કી.વો = ૩.૦૧ થી ૪.૦૦ | ૪૨૦૦૦.00 | ૫૭૯૬.00 | ૪૭૭૯૬.00 | ૪૩૦૦૦.00 | ૫૯૩૪.00 | ૪૮૯૩૪.00 | ૪૦૯૯૧.00 | ૫૬૫૬.૭૬ | ૪૬૬૪૭.૭૬ |
| ૫ | ૫ કી.વો = ૪.૦૧ થી ૫.૦૦ | ૪૨૦૦૦.00 | ૫૭૯૬.00 | ૪૭૭૯૬.00 | ૪૨૦૦૦.00 | ૫૭૯૬.00 | ૪૭૭૯૬.00 | ૪૦૯૯૧.00 | ૫૬૫૬.૭૬ | ૪૬૬૪૭.૭૬ |
| ૬ | ૬ કી.વો = ૫.૦૧ થી ૬.૦૦ | ૪૧૦૦૦.00 | ૫૬૫૮.00 | ૪૬૬૫૮.00 | ૪૧૦૦૦.00 | ૫૬૫૮.00 | ૪૬૬૫૮.00 | ૪૦૯૯૧.00 | ૫૬૫૬.૭૬ | ૪૬૬૪૭.૭૬ |
| ૭ | ૬ કી.વો થી વધુ અને ૧૦ કી.વો સુધી | ૪૦૫૦૦.00 | ૫૫૮૯.00 | ૪૬૦૮૯.00 | ૪૦૫૦૦.00 | ૫૫૮૯.00 | ૪૬૦૮૯.00 | ૪૦૯૯૧.00 | ૫૬૫૬.૭૬ | ૪૬૬૪૭.૭૬ |
| ૮ | ૧૦ કી.વો થી વધુ અને ૨૫ કી.વો સુધી | ૩૮૫૦૦.00 | ૫૩૧૩.00 | ૪૩૮૧૩.00 | ૩૮૭૬૬.00 | ૫૩૪૯.૭૧ | ૪૪૧૧૫.૭૧ | ૩૮૨૩૬.00 | ૫૨૭૬.૫૭ | ૪૩૫૧૨.૫૭ |
| ૯ | ૨૫ કી.વો થી વધુ અને ૫૦ કી.વો સુધી | ૩૭૫૦૦.00 | ૫૧૭૫.00 | ૪૨૬૭૫.00 | ૩૮૫૦૦.00 | ૫૩૧૩.00 | ૪૩૮૧૩.00 | ૩૮૨૩૬.00 | ૫૨૭૬.૫૭ | ૪૩૫૧૨.૫૭ |
| ૧૦ | ૫૦ કી.વો થી વધુ અને ૧૦૦ કી.વો સુધી | ૩૩૭૦૦.00 | ૪૬૫૦.૬૦ | ૩૮૩૫૦.૬૦ | ૩૨૭૦૦.00 | ૪૫૧૨.૬૦ | ૩૭૨૧૨.૬૦ | ૩૮૨૩૬.00 | ૫૨૭૬.૫૭ | ૪૩૫૧૨.૫૭ |
| ૧૧ | ૧૦૦ કી.વો થી વધુ અને ૫૦૦ કી.વો સુધી | ૨૮૯૯૦.00 | ૪૦૦૦.૬૨ | ૩૨૯૯૦.૬૨ | ૨૮૯૯૦.00 | ૪૦૦૦.૬૨ | ૩૨૯૯૦.૬૨ | ૩૫૮૮૬.00 | ૪૯૫૨.૨૭ | ૪૦૮૩૮.૨૭ |

નોંધ :

૧. ગ્રાહકને સબસીડી/CFA શોધિત દર અથવા MNRE દ્વારા નિયત કરેલ બેંચ માર્ક કોસ્ટ બંનેમાંથી જે ઓછી હશે તેના પર મળવાપાત્ર રહેશે.

૨. નેટ મીટર ચાર્જ, મીટર બોક્સ ચાર્જ, મીટર ટેસ્ટિંગ ફી અને કનેક્ટિવિટી ચાર્જની (FC) રકમ ઉપરોક્ત દરમાં સમાવિષ્ટ નથી. આ ચાર્જિસ અને જે કિસ્સામાં હયાત વિજ માળખામાં સુધારો વધારો કરવાનો થાય તે કિસ્સામાં વધારાના ચાર્જીસની રકમ નિયમાનુસાર સંલગ્ન પેટા વિભાગીય કચેરીમાં ગ્રાહકે પોતે ભરપાઈ કરવાની રહેશે.

3. સ્ટ્રક્ચરનો વધારાનો ખર્ચ: સોલાર સિસ્ટમના ભાવમાં ૩૦૦ મી.મી ઊંચાઈના સોલાર સ્ટ્રક્ચરનો ભાવ આવરી લેવામાં આવેલ છે. એટલેકે સ્થાપિત થયેલ સોલાર મોડ્યુલની રૂફ લેવલથી ૩૦૦ મી.મી. ઉંચાઈ રાખી સિસ્ટમ સ્થાપવામાં આવે તો તેનો કોઈ ચાર્જ ગ્રાહકે ચૂકવવાનો રહેતો નથી. પરંતુ ગ્રાહક જો સ્ટ્રક્ચરની ઉંચાઈમાં ઉપરોક્ત ઉંચાઈ કરતા વધારો કરવા ઈચ્છે તો તે વધારાની ઉંચાઈ માટે વધારાનો ખર્ચ ગ્રાહક તથા એજન્સી વચ્ચે પરસ્પર સમજુતીથી નક્કી કરી ગ્રાહકે એજન્સીને અલગથી ચૂકવવાનો રહેશે.

સદર નોંધ નીચેના તમામ પરિશિષ્ટને લાગુ પડશે.

## પરિશિષ્ટ-ગ' શહેરી વિસ્તાર (પ્રાઈવેટ રહેણાંક વીજ ગ્રાહક સબસીડીની ગણતરીનું ઉદાહરણ દર્શાવતુ પત્રક)

| અનુ.ક્રમ | સોલર સિસ્ટમ ની ક્ષમતા (કી.વો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧૦ | ૨૫ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નિયત કરેલ મહતમ દર (રૂ. પ્રતિ કિલોવોટ) GST સાથે | ૪૫૫૨૦.00 | ૫૧૨૧૦.00 | ૪૭૭૯૬.00 | ૪૭૭૯૬.00 | ૪૭૭૯૬.00 | ૪૬૬૫૮.00 | ૪૫૦૬૮.00 | ૪૩૮૧૩.00 | ૪૨૬૭૫.00 | ૩૮૩૫૦.૬૦ | ૩૨૬૯૦.૬૨ |
| ૨ | MNRE દ્વારા નિયત કરેલ દર (રૂ. પ્રતિ કિલોવોટ) GST સાથે | ૫૩૩૯૮.૩૭ | ૪૯૦૯૩.૩૨ | ૪૭૮૧૮.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૩૫૧૨.૫૭ | ૪૩૫૧૨.૫૭ | ૪૩૫૧૨.૫૭ | ૪૦૮૩૮.૨૭ |
| ૩ | સોલર સિસ્ટમ ની નિયત કરેલ મહતમ કુલ કિંમત | ૪૫૫૨૦.00 | ૧૦૨૪૨૦.00 | ૧૪૩૩૮૮.00 | ૧૯૧૧૮૪.00 | ૨૩૮૯૮૦.00 | ૨૭૯૯૪૮.00 | ૪૫૦૬૮૦.00 | ૧૦૯૫૩૨૫.00 | ૨૧૩૩૭૫૦.00 | ૩૮૩૫૦૬૦.00 | ૪૯૪૮૫૯૩.00 |
| ૪ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય ( ૪૦%, ૩.કી.વો. સુધી પરિશિષ્ટ-ખ મુજબ ) | ૧૮૨૦૮.00 | ૩૯૨૭૪.૬૬ | ૫૭૩૫૫.૨૦ | ૫૫૯૭૭.૩૧ | ૫૫૯૭૭.૩૧ | ૫૫૯૭૭.૩૧ | ૫૫૩૦૬.૮૦ | ૫૨૨૧૫.૦૮ | ૫૧૨૧૦.00 | ૪૬૦૨૦.૭૨ | ૩૯૫૮૮.૭૪ |
| ૫ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય ( ૨૦%, ૩.કી.વો.થી વધુ અને ૧૦ કી.વો. સુધી પરિશિષ્ટ-ખ મુજબ) | 0.00 | 0.00 | 0.00 | ૯૩૨૯.૫૫ | ૧૮૬૫૯.૧૦ | ૨૭૯૮૮.૬૫ | ૬૪૫૨૪.૬૦ | ૬૦૬૧૭.૬૦ | ૫૯૭૪૫.00 | ૫૩૬૯૦.૮૪ | ૪૬૧૬૬.૮૭ |
| ૬ | કુલ રાજ્ય સરકારની/કેન્દ્ર સરકારની સહાય | ૧૮૨૦૮.00 | ૩૯૨૭૪.૬૬ | ૫૭૩૫૫.૨૦ | ૬૫૩૦૬.૮૬ | ૭૪૬૩૬.૪૧ | ૮૩૯૬૫.૯૬ | ૧૧૯૮૩૧.૪૦ | ૧૧૩૧૩૨.૬૮ | ૧૧૦૯૫૫.00 | ૯૯૭૧૧.૫૬ | ૮૫૭૭૫.૬૧ |
| ૭ | લાભાર્થી એ ચૂકવવાની થતી રકમ (રૂ.) | ૨૭૩૧૨.00 | ૬૩૧૪૫.૩૪ | ૮૬૦૩૨.૮૦ | ૧૨૫૮૭૭.૧૪ | ૧૬૪૩૪૩.૫૯ | ૧૯૫૯૮૨.૦૪ | ૩૩૧૦૫૮.૬૦ | ૯૮૨૧૯૨.૩૨ | ૨૦૨૨૭૯૫.00 | ૩૭૩૫૩૪૮.૪૪ | ૪૮૬૨૮૧૭.૩૯ |

## પરિશિષ્ટ-ગ' ગ્રામ્ય વિસ્તાર (પ્રાઈવેટ રહેણાંક વીજ ગ્રાહક સબસીડીની ગણતરીનું ઉદાહરણ દર્શાવતુ પત્રક)

| અનુ.ક્રમ | સોલર સિસ્ટમ ની ક્ષમતા (કી.વો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧૦ | ૨૫ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નિયત કરેલ મહતમ દર (રૂ. પ્રતિ કિલોવોટ) GST સાથે | ૪૫૫૨૦.00 | ૫૧૨૧૦.00 | ૪૮૯૩૪.00 | ૪૮૯૩૪.00 | ૪૭૭૯૬.00 | ૪૬૬૫૮.00 | ૪૫૦૬૮.00 | ૪૪૧૧૫.૭૧ | ૪૩૮૧૩.00 | ૩૭૨૧૨.૬૦ | ૩૨૬૯૦.૬૨ |
| ૨ | MNRE દ્વારા નિયત કરેલ દર (રૂ. પ્રતિ કિલોવોટ) GST સાથે | ૫૩૩૯૮.૩૭ | ૪૯૦૯૩.૩૨ | ૪૭૮૧૮.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૩૫૧૨.૫૭ | ૪૩૫૧૨.૫૭ | ૪૩૫૧૨.૫૭ | ૪૦૮૩૮.૨૭ |
| ૩ | સોલર સિસ્ટમ ની નિયત કરેલ મહતમ કુલ કિંમત | ૪૫૫૨૦.00 | ૧૦૨૪૨૦.00 | ૧૪૬૮૦૨.00 | ૧૯૫૭૩૬.00 | ૨૩૮૯૮૦.00 | ૨૭૯૯૪૮.00 | ૪૫૦૬૮૦.00 | ૧૧૦૨૮૯૨.૭૦ | ૨૧૯૦૬૫૦.00 | ૩૭૨૧૨૬૦.00 | ૪૯૪૮૫૯૩.00 |
| ૪ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય ( ૪૦%, ૩.કી.વો. સુધી પરિશિષ્ટ-ખ મુજબ ) | ૧૮૨૦૮.00 | ૩૯૨૭૪.૬૬ | ૫૭૩૮૨.૫૧ | ૫૫૯૭૭.૩૧ | ૫૫૯૭૭.૩૧ | ૫૫૯૭૭.૩૧ | ૫૫૩૦૬.૮૦ | ૫૨૨૧૫.૦૮ | ૫૨૨૧૫.૦૮ | ૪૪૬૫૫.૧૨ | ૩૯૫૮૮.૭૪ |
| ૫ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય ( ૨૦%, ૩.કી.વો.થી વધુ અને ૧૦ કી.વો. સુધી પરિશિષ્ટ-ખ મુજબ) | 0.00 | 0.00 | 0.00 | ૯૩૨૯.૫૫ | ૧૮૬૫૯.૧૦ | ૨૭૯૮૮.૬૫ | ૬૪૫૨૪.૬૦ | ૬૦૬૧૭.૬૦ | ૬૦૬૧૭.૬૦ | ૫૨૦૯૭.૬૪ | ૪૬૧૬૬.૮૭ |
| ૬ | કુલ રાજ્ય સરકારની/કેન્દ્ર સરકારની સહાય | ૧૮૨૦૮.00 | ૩૯૨૭૪.૬૬ | ૫૭૩૮૨.૫૧ | ૬૫૩૦૬.૮૬ | ૭૪૬૩૬.૪૧ | ૮૩૯૬૫.૯૬ | ૧૧૯૮૩૧.૪૦ | ૧૧૩૧૩૨.૬૮ | ૧૧૩૧૩૨.૬૮ | ૯૬૭૫૨.૭૬ | ૮૫૭૭૫.૬૧ |
| ૭ | લાભાર્થી એ ચૂકવવાની થતી રકમ (રૂ.) | ૨૭૩૧૨.00 | ૬૩૧૪૫.૩૪ | ૮૯૪૧૯.૪૯ | ૧૩૦૪૨૯.૧૪ | ૧૬૪૩૪૩.૫૯ | ૧૯૫૯૮૨.૦૪ | ૩૩૧૦૫૮.૬૦ | ૯૮૯૭૬૦.૦૨ | ૨૦૭૭૫૧૭.૩૨ | ૩૬૨૪૫૦૭.૨૪ | ૪૮૬૨૮૧૭.૩૯ |

**પરિશિષ્ટ-ઘ' શહેરી વિસ્તાર (ગ્રૂપ હાઉસિંગ સોસાયટી (GHS)/રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન(RWA) સબસીડીની ગણતરીનું ઉદાહરણ દર્શાવતુ પત્રક)**

| અનુ.ક્રમ | સોલર સિસ્ટમ ની ક્ષમતા (કી.વો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧૦ | ૨૫ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નિયત કરેલ મહતમ દર (રૂ. પ્રતિ કિલોવોટ) GST સાથે | ૪૫૫૨૦.00 | ૫૧૨૧૦.00 | ૪૭૭૯૬.00 | ૪૭૭૯૬.00 | ૪૭૭૯૬.00 | ૪૬૬૫૮.00 | ૪૫૦૮૯.00 | ૪૩૮૧૩.00 | ૪૨૬૭૫.00 | ૩૮૩૫૦.૬૦ | ૩૨૯૯૦.૬૨ |
| ૨ | MNRE દ્વારા નિયત કરેલ દર (રૂ. પ્રતિ કિલોવોટ) GST સાથે | ૫૩૩૯૮.૩૭ | ૪૯૦૯૩.૩૨ | ૪૭૮૧૮.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૩૫૧૨.૫૭ | ૪૩૫૧૨.૫૭ | ૪૩૫૧૨.૫૭ | ૪૦૮૩૮.૨૭ |
| ૩ | સોલર સિસ્ટમ ની નિયત કરેલ મહતમ કુલ કિંમત | ૪૫૫૨૦.00 | ૧૦૨૪૨૦.00 | ૧૪૩૩૮૮.00 | ૧૯૧૧૮૪.00 | ૨૩૮૯૮૦.00 | ૨૭૯૯૪૮.00 | ૪૫૦૮૯૦.00 | ૧૦૯૫૩૨૫.00 | ૨૧૩૩૭૫૦.00 | ૩૮૩૫૦૬૦.00 | ૪૯૪૮૫૯૩.00 |
| ૪ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય (૨0% પરિશિષ્ટ-ખ મુજબ) ઘર દીઠ ૧૦ કિલોવોટની મર્યાદામાં વધુમાં વધુ કુલ ૫૦૦ કિલોવોટ સુધી | ૯૧૦૪.00 | ૧૯૬૩૭.૩૩ | ૨૮૬૭૭.૬૦ | ૩૭૩૧૮.૨૧ | ૪૬૬૪૭.૭૬ | ૫૫૯૭૭.૩૧ | ૯૨૧૭૮.00 | ૨૧૭૫૬૨.૮૪ | ૪૨૬૭૫0.00 | ૭૬૭૦૧૨.00 | ૯૮૯૭૧૮.૬0 |
| ૫ | લાભાર્થી એ ચૂકવવાની થતી રકમ (રૂ.) | ૩૬૪૧૬.00 | ૮૨૭૮૨.૬૭ | ૧૧૪૭૧૦.૪0 | ૧૫૩૮૬૫.૭૯ | ૧૯૨૩૩૨.૨૪ | ૨૨૩૯૭૦.૬૯ | ૩૫૮૭૧૨.00 | ૮૭૭૭૬૨.૧૬ | ૧૭૦૭૦૦૦.00 | ૩૦૬૮૦૪૮.00 | ૩૯૫૮૮૭૪.૪0 |

**પરિશિષ્ટ-ઘ' ગ્રામ્ય વિસ્તાર (ગ્રૂપ હાઉસિંગ સોસાયટી (GHS)/રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન(RWA) સબસીડીની ગણતરીનું ઉદાહરણ દર્શાવતુ પત્રક)**

| અનુ.ક્રમ | સોલર સિસ્ટમ ની ક્ષમતા (કી.વો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧૦ | ૨૫ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નિયત કરેલ મહતમ દર (રૂ. પ્રતિ કિલોવોટ) GST સાથે | ૪૫૫૨૦.00 | ૫૧૨૧૦.00 | ૪૮૬૩૪.00 | ૪૮૬૩૪.00 | ૪૭૭૯૬.00 | ૪૬૬૫૮.00 | ૪૫૦૮૯.00 | ૪૪૧૧૫.૭૧ | ૪૩૮૧૩.00 | ૩૭૨૧૨.૫0 | ૩૨૯૯૦.૬૨ |
| ૨ | MNRE દ્વારા નિયત કરેલ દર (રૂ. પ્રતિ કિલોવોટ) GST સાથે | ૫૩૩૯૮.૩૭ | ૪૯૦૯૩.૩૨ | ૪૭૮૧૮.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૬૬૪૭.૭૬ | ૪૩૫૧૨.૫૭ | ૪૩૫૧૨.૫૭ | ૪૩૫૧૨.૫૭ | ૪૦૮૩૮.૨૭ |
| ૩ | સોલર સિસ્ટમ ની નિયત કરેલ મહતમ કુલ કિંમત | ૪૫૫૨૦.00 | ૧૦૨૪૨૦.00 | ૧૪૫૯૦૨.00 | ૧૯૫૭૩૬.00 | ૨૩૮૯૮૦.00 | ૨૭૯૯૪૮.00 | ૪૫૦૮૯૦.00 | ૧૧૦૨૮૯૨.૭૦ | ૨૧૯૦૬૫૦.00 | ૩૭૨૧૨૫૦.00 | ૪૯૪૮૫૯૩.00 |
| ૪ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય (૨0% પરિશિષ્ટ-ખ મુજબ) ઘર દીઠ ૧૦ કિલોવોટની મર્યાદામાં વધુમાં વધુ કુલ ૫૦૦ કિલોવોટ સુધી | ૯૧૦૪.00 | ૧૯૬૩૭.૩૩ | ૨૮૬૯૧.૨૬ | ૩૭૩૧૮.૨૧ | ૪૬૬૪૭.૭૬ | ૫૫૯૭૭.૩૧ | ૯૨૧૭૮.00 | ૨૧૭૫૬૨.૮૪ | ૪૩૫૧૨૫.૬૮ | ૭૪૪૨૫૨.00 | ૯૮૯૭૧૮.૬0 |
| ૫ | લાભાર્થી એ ચૂકવવાની થતી રકમ (રૂ.) | ૩૬૪૧૬.00 | ૮૨૭૮૨.૬૭ | ૧૧૮૧૧૦.૭૪ | ૧૫૮૪૧૭.૭૯ | ૧૯૨૩૩૨.૨૪ | ૨૨૩૯૭૦.૬૯ | ૩૫૮૭૧૨.00 | ૮૮૫૩૨૯.૮૬ | ૧૭૫૫૫૨૪.૩૨ | ૨૯૭૭૦૦૮.00 | ૩૯૫૮૮૭૪.૪0 |

પરિશિષ્ટ-ચ' શહેરી વિસ્તાર (પ્રાઈવેટ રહેણાંક વીજ ગ્રાહકે સોલર સિસ્ટમની ક્ષમતામાં વધારો કરવા માટે નીચે મુજબ સબસીડીની ગણતરી કરવાની રહેશે.)

| અનુ.ક્રમ | જો હયાત સોલર સિસ્ટમની ક્ષમતામાં વધારો કરવા ઇચ્છે તો સબસિડીની ગણતરી નીચે મુજબ થશે. | ઉદાહરણ-૧ | ઉદાહરણ-૨ | ઉદાહરણ-૩ |
|---|---|---|---|---|
| ૧ | સોલર સિસ્ટમની હયાત ક્ષમતા કી.વો. | ૨ | ૨ | ૮ |
| ૨ | સોલર સિસ્ટમની માંગેલ વધારાની ક્ષમતા કી.વો. | ૨ | ૮ | ૧૭ |
| ૩ | સોલર સિસ્ટમ ની કુલ ક્ષમતા કી.વો. | ૪ | ૧૦ | ૨૫ |
| ૪ | નિયત કરેલ મહતમ દર (રૂ. પ્રતિ કિલોવોટ) **GST** સાથે | ૫૧૨૧૦.૦૦ | ૪૬૦૮૯.૦૦ | ૪૩૮૧૩.૦૦ |
| ૫ | **MNRE** દ્વારા નિયત કરેલ દર (રૂ. પ્રતિ કિલોવોટ) **GST** સાથે | ૪૯૦૬૩.૩૨ | ૪૬૬૪૭.૭૬ | ૪૩૫૧૨.૫૭ |
| ૬ | સોલર સિસ્ટમ ની નિયત કરેલ મહતમ કુલ કિંમત રૂ. | ૧૦૨૪૨૦.૦૦ | ૩૬૮૭૧૨.૦૦ | ૭૪૪૮૨૧.૦૦ |
| ૭ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય ( ૪૦%, ૩.કી.વો. સુધી પરિશિષ્ટ-ખ મુજબ ) રૂ. | ૧૯૬૩૭.૩૩ | ૧૮૪૩૫.૬૦ | 0.00 |
| ૮ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય ( ૨૦%, ૩.કી.વો.થી વધુ અને ૧૦ કી.વો. સુધી પરિશિષ્ટ-ખ મુજબ) રૂ. | ૯૮૧૮.૬૬ | ૬૪૫૨૪.૬૦ | ૧૭૪૦૫.૦૩ |
| ૯ | રાજ્ય સરકારની/કેન્દ્ર સરકારની કુલ સહાય રૂ. | ૨૯૪૫૫.૯૯ | ૮૨૯૬૦.૨૦ | ૧૭૪૦૫.૦૩ |
| ૧૦ | લાભાર્થી એ ચૂકવવાની થતી રકમ રૂ. | ૭૨૯૬૪.૦૧ | ૨૮૫૭૫૧.૮૦ | ૭૨૭૪૧૫.૯૭ |

પરિશિષ્ટ-ચ' ગ્રામ્ય વિસ્તાર (પ્રાઈવેટ રહેણાંક વીજ ગ્રાહકે સોલર સિસ્ટમની ક્ષમતામાં વધારો કરવા માટે નીચે મુજબ સબસીડીની ગણતરી કરવાની રહેશે.)

| અનુ.ક્રમ | જો હયાત સોલર સિસ્ટમની ક્ષમતામાં વધારો કરવા ઇચ્છે તો સબસિડીની ગણતરી નીચે મુજબ થશે. | ઉદાહરણ-૧ | ઉદાહરણ-૨ | ઉદાહરણ-૩ |
|---|---|---|---|---|
| ૧ | સોલર સિસ્ટમની હયાત ક્ષમતા કી.વો. | ૨ | ૨ | ૮ |
| ૨ | સોલર સિસ્ટમની માંગેલ વધારાની ક્ષમતા કી.વો. | ૨ | ૮ | ૧૭ |
| ૩ | સોલર સિસ્ટમ ની કુલ ક્ષમતા કી.વો. | ૪ | ૧૦ | ૨૫ |
| ૪ | નિયત કરેલ મહતમ દર (રૂ. પ્રતિ કિલોવોટ) **GST** સાથે | ૫૧૨૧૦.૦૦ | ૪૬૦૮૯.૦૦ | ૪૪૧૧૫.૭૧ |
| ૫ | **MNRE** દ્વારા નિયત કરેલ દર (રૂ. પ્રતિ કિલોવોટ) **GST** સાથે | ૪૯૦૬૩.૩૨ | ૪૬૬૪૭.૭૬ | ૪૩૫૧૨.૫૭ |
| ૬ | સોલર સિસ્ટમ ની નિયત કરેલ મહતમ કુલ કિંમત રૂ. | ૧૦૨૪૨૦.૦૦ | ૩૬૮૭૧૨.૦૦ | ૭૪૯૯૬૭.૦૪ |
| ૭ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય ( ૪૦%, ૩.કી.વો. સુધી પરિશિષ્ટ-ખ મુજબ ) રૂ. | ૧૯૬૩૭.૩૩ | ૧૮૪૩૫.૬૦ | 0.00 |
| ૮ | રાજ્ય સરકારની/ કેન્દ્ર સરકારની સહાય ( ૨૦%, ૩.કી.વો.થી વધુ અને ૧૦ કી.વો. સુધી પરિશિષ્ટ-ખ મુજબ) રૂ. | ૯૮૧૮.૬૬ | ૬૪૫૨૪.૬૦ | ૧૭૪૦૫.૦૩ |
| ૯ | રાજ્ય સરકારની/કેન્દ્ર સરકારની કુલ સહાય રૂ. | ૨૯૪૫૫.૯૯ | ૮૨૯૬૦.૨૦ | ૧૭૪૦૫.૦૩ |
| ૧૦ | લાભાર્થી એ ચૂકવવાની થતી રકમ રૂ. | ૭૨૯૬૪.૦૧ | ૨૮૫૭૫૧.૮૦ | ૭૩૨૫૬૨.૦૧ |

| 'પરિશિષ્ટ-છ' ભાવપત્રક (Firm Quotation) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અનુ.ક્રમ | સીસ્ટમ ક્ષમતા શ્રેણી | નેટ / જનરેશન મીટર ચાર્જ કર સાથે | મીટર બોક્સ ચાર્જ કર સાથે | મીટર ટેસ્ટિંગ ચાર્જ કર સાથે | કનેક્ટિવિટી ચાર્જ | કુલ |
| | | (રૂ.) | (રૂ.) | (રૂ.) | (રૂ.) | (રૂ.) |
| ૧ | ૧ કિ.વો થી ૬ કિ.વો | ૧૦૧૪ | ૩૧૮ | ૧૧૮ | ૧૫૦૦ | ૨૯૫૦ |
| ૨ | >૬ કિ.વો થી ૨૫ કિ.વો | ૨૨૭૯ | ૭૭૭ | ૩૫૪ | ૧૦૦૦૦ | ૧૩૪૧૦ |
| ૩ | >૨૫ કિ.વો થી૧૦૦ કિ.વો | ૨૭૬૧ | ૧૨૬૮ | ૩૫૪ | ૧૦૦૦૦ | ૧૪૩૮૩ |
| ૪ | >૧૦૦ કિ.વો | ૬૨૨૦ | ૩૯૯૦ | ૧૧૮૦ | ૫૦૦૦૦ | ૬૧૩૯૦ |

નોંધ:-

1. ઉપરોક્ત રકમ સોલર સિસ્ટમના નિયત કરેલ દરમાં સમાવિસ્ટ નથી. આ ચાર્જિસ અને જે કિસ્સામાં હયાત વિજ માળખામાં સુધારો-વધારો કરવાનો થાય તે કિસ્સામાં વધારાના ચાર્જીસની રકમ નિયમાનુસાર સંલગ્ન પેટા વિભાગીય કચેરીમાં ગ્રાહકે પોતે ભરપાઈ કરવાની રહેશે.
2. ઉપરોક્ત દર જી.યુ.વી.એન.એલ હસ્તકની ચાર વીજ વીજવિતરણ કપનીઓ માટે હાલ લાગુ રહેશે. તે સિવાયની વીજવિતરણ કંપનીઓ/ ખાનગી પરવાનેદાર ધારાધોરણ મુજબ ચાર્જ વસુલી શકશે.